For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઔદ્યોગિક એકમોમાંથી ગેરકાયદેસર કેમિકલ છોડાતો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

નંદેસરી નજીક મીની નદીમાં ઝેરી કેમિકલ છોડાતા હજારો માછલીઓના મોત

દામાંપુરા પાસે નદીનું પાણી પ્રદૂષિત બનતાં જળચર સૃષ્ટિનો વિનાશ, દુર્ગંધથી સમગ્ર વિસ્તાર પ્રભાવિત

અંધારાનો લાભ ઉઠાવી ઝેરી કેમિકલ ઠાલવાતા ગ્રામજનોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૬

ઔદ્યોગિક નગરી વડોદરાના નંદેસરી વિસ્તાર નજીક આવેલી અને ક્યારેક ગ્રામીણ વિસ્તારની જીવાદોરી ગણાતી મીની નદી આજે માનવજાતની અંધાધૂંધ લાલચ અને પ્રદૂષણ માફિયાઓની બર્બરતાનો શિકાર બનીને મૃત્યુની ગોદમાં ધકેલાઈ ગઈ છે. દામાંપુરા ગામ પાસેથી વહેતી મીની નદીમાં કોઈ અજાણ્યા પ્રદૂષણખોરો દ્વારા અત્યંત ઝેરી કેમિકલયુક્ત ગંદુ પાણી ઠાલવવામાં આવતા જળચર સૃષ્ટિ પર કાળનો પંજો ફરી વળ્યો છે. આ વિષકારી કેમિકલના કારણે નદીમાં વસતા હજારો નિર્દોષ જળચર જીવો અને માછલીઓ સામૂહિક રીતે મોતને ભેટી છે, જેના કારણે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

ઘટનાની વિગત મુજબ, દામાંપુરા નજીકથી પસાર થતી મીની નદીના કિનારે આજે સવારે સ્થાનિક ગ્રામજનો પહોંચ્યા ત્યારે નજારો જોઈને ચમકી ગયા હતા. નદીના પાણીના રંગમાં ઘેરો બદલાવ જોવા મળ્યો હતો અને આખી નદીમાં કેમિકલની તીવ્ર દુર્ગંધ ફેલાયેલી હતી. આ વિષક્ત પાણીના કારણે શ્વાસ રૂંધાવાથી હજારો માછલીઓ પાણીની સપાટી પર તણાઈ આવી હતી અને નદી કિનારે માછલીઓના મોટા મોટા ઢગલા પથરાયેલા જોવા મળ્યા હતા. નદી કિનારે ફેલાયેલી આ ભયાનક તારાજી પ્રદૂષણ માફિયાઓના પાપની જીવતી-જાગતી સાક્ષી પૂરી રહી છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, અંધારાનો લાભ ઉઠાવીને અવારનવાર નંદેસરી અને આસપાસના ઔદ્યોગિક એકમોનું કેમિકલયુક્ત દૂષિત પાણી નદીમાં ગેરકાયદેસર રીતે છોડી દેવામાં આવે છે. આ ઝેરી કેમિકલના કારણે માત્ર જળચર જીવોનો જ નાશ થયો નથી, પરંતુ આસપાસના સીમ વિસ્તારના ભૂગર્ભ જળ પણ દૂષિત થવાનું મોટું જોખમ ઊભું થયું છે. નદી કિનારે વસતા પશુપાલકો માટે પણ પોતાના ઢોર-ઢાંખરને પાણી પાળવું હવે જીવલેણ બની ગયું છે.

આ કરૂણ અને ગંભીર પર્યાવરણીય હોનારતને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકોમાં એક જ સવાલ ગૂંજી રહ્યો છે કે, પોતાના અલ્પાવાળા આર્થિક ફાયદા માટે પ્રકૃતિ અને નિર્દોષ જીવોનો બલિ લેનારા આ પર્યાવરણીય પાપનો હિસાબ આખરે કોણ આપશે ? શું પર્યાવરણ સૂરક્ષા વિભાગ અને જવાબદાર તંત્ર માત્ર કાગળ પર જ કાર્યવાહી કરશે કે પછી આ બર્બરતા આચરનારા પ્રદૂષણ માફિયાઓ સામે કડકમાં કડક પગલાં ભરીને દાખલો બેસાડશે ? ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે તંત્ર પાસે કડક તપાસની અને નદીને પ્રદૂષણમુક્ત કરવાની ઉગ્ર માંગ કરી છે.

મૃત માછલીઓના નિકાલ અને પ્રદૂષણ રોકવા મહાનગરપાલિકા ઉગ્ર માંગ

સુરસાગરમાં અસંખ્ય માછલીઓના મોતને પગલે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ



(પ્રતિનિધિ) વડોદરા

વડોદરા શહેરની ઓળખ સમાન ઐતિહાસિક સુરસાગર તળાવમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ સામે આવી છે. તળાવમાં દૂષિત પાણી ભળતાં મોટી સંખ્યામાં માછલીઓ મૃત હાલતમાં પાણીની સપાટી પર તરતી જોવા મળી રહી છે. પરિણામે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાતા સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ તળાવમાં ગંદુ અને દૂષિત પાણી સતત ભળી રહ્યું છે, જેના કારણે પાણીની ગુણવત્તા ગંભીર રીતે બગડી છે. ઓક્સિજનના અભાવે જળચર જીવોના શ્વાસ રૂંધાતા માછલીઓના સામૂહિક મોત થયા હોવાનું માનવામાં આવે છે. તળાવના વિવિધ ભાગોમાં મૃત માછલીઓ તરતી જોવા મળતાં પર્યાવરણ અને જાહેર આરોગ્ય અંગે પણ ચિંતા વધી છે.

સ્થાનિકોએ આ સ્થિતિ માટે પાલિકા તંત્રની બેદરકારીને જવાબદાર ઠેરવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. નાગરિકોનું કહેવું છે કે સુરસાગર જેવા ઐતિહાસિક તળાવની નિયમિત સફાઈ, દૂષિત પાણીના પ્રવેશ પર રોક અને પાણીની ગુણવત્તા જાળવવા અસરકારક વ્યવસ્થા જરૂરી છે. સાથે જ પાણીમાં તરતી મૃત માછલીઓનો તાત્કાલિક નિકાલ કરી સમગ્ર તળાવની સફાઈ હાથ ધરવામાં આવે જેથી દુર્ગંધ અને સંભવિત રોગચાળાનો ખતરો ટાળી શકાય તેમજ શહેરની ઓળખ સમાન સુરસાગરની સ્વચ્છતા અને સુંદરતા જળવાઈ રહે.

પાલિકાની અધૂરી કામગીરી સામે લોકોમાં ભારે આક્રોશ

મોટનાથ મહાદેવ પાસે સ્પીડ બ્રેકર ન દેખાતા દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થઈ પટકાયા; ગંભીર ઈજાઓ

શહેરમાં વરસાદથી રસ્તાઓ બિસ્માર: ખાડા અને સફેદ પટ્ટા વગરના સ્પીડ બ્રેકર બન્યા 'ડેથ ટ્રેપ'

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સંસ્કારી નગરી વડોદરામાં તાજેતરમાં પડેલા વરસાદે પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવતા રસ્તાના કામો અને પ્રી-મોન્સૂન કામગીરીની દાવેદારીઓની પોલ ખોલી નાખી છે. વરસાદ થતાં જ શહેરના મુખ્ય માર્ગોથી લઈને આંતરિક રસ્તાઓ સુધી ઠેર-ઠેર નાના-મોટા ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે. ચોમાસાની શરૂઆતમાં જ વડોદરાના રસ્તાઓ ચાલી શકાય તેમ ન રહેતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ ખાડાઓથી ભરેલા રસ્તાઓ અને બીજી તરફ પાલિકાની અધૂરી કામગીરીને કારણે વડોદરા શહેર અકસ્માતોનું હબ બની રહ્યું છે.

રસ્તા પરના ખાડાઓની સમસ્યા તો વ્યાપક છે જ, પરંતુ એ સાથે જ પાલિકા તંત્રની ઘોર બેદરકારી સ્પીડ બ્રેકરો પર પણ છતી થઈ રહી છે. શહેરમાં અનેક જગ્યાએ નવા બનાવાયેલા કે જૂના સ્પીડ બ્રેકર પર ટ્રાફિકના નિયમ મુજબ કરવા પડતા સફેદ પટ્ટા (થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ) કરવામાં આવ્યા નથી. ખાસ કરીને હરણી-મોટનાથ મહાદેવ મંદિર પાસે તાજેતરમાં જ બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકર પર પાલિકા દ્વારા સફેદ પટ્ટા દોરવામાં ન આવતા આ સ્પીડ બ્રેકર વાહનચાલકો માટે 'ડેથ ટ્રેપ' સમાન બની ગયું છે. રાત્રિના સમયે કે ધૂંધળા વાતાવરણમાં સફેદ પટ્ટાના અભાવે સ્પીડ બ્રેકર દૂરથી દેખાતું નથી, જેના કારણે પુરઝડપે આવતા વાહનો અચાનક બ્રેક મારવા મજબૂર બને છે અથવા તો સ્પીડ બ્રેકર પરથી ઉછળી પડે છે. રવિવારે આવા જ એક અકસ્માતમાં સ્કૂટર સવાર દંપતીને ગંભીર ઈજા થઈ હતી.

પાલિકાની આ પ્રકારની અધૂરી અને વેઠ ઉતારવાની કામગીરીને કારણે દરોજજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. મોટનાથ મહાદેવ રોડ પરથી પસાર થતા અનેક દ્વિચક્રી વાહનચાલકો રસ્તા પરના ખાડા કે સફેદ પટ્ટા વગરના સ્પીડ બ્રેકરના કારણે વાહન પરનો કાબૂ ગુમાવી દેતાં રસ્તા પર પટકાયા હોવાના બનાવો બન્યા છે. વાહન પરથી પતંગની જેમ પટકાવાને કારણે કેટલાક વાહનચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમાં હાડકાં ભાંગવાથી લઈને માથાના ભાગે ગંભીર ચોટો વાગવાના કિસ્સા પણ સામે આવ્યા છે.

પાલિકાની આવી આઘાતજનક અને બેદરકાર નીતિ સામે સ્થાનિક રહીશો તથા વાહનચાલકોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી જોવા મળી રહી છે. લોકોનો આક્ષેપ છે કે પ્રજા પાસેથી નિયમિત વેરો વસૂલતું પાલિકા તંત્ર સુરક્ષિત રસ્તાઓ આપવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે. માત્ર મોટનાથ મહાદેવ વિસ્તાર જ નહીં, પરંતુ સમગ્ર શહેરમાં જ્યાં પણ સ્પીડ બ્રેકરો પર સફેદ પટ્ટા નથી ત્યાં તાત્કાલિક ધોરણે કામગીરી કરવામાં આવે અને રસ્તા પર પડેલા ખાડાઓનું યોગ્ય પૂરાણ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. જો પાલિકા તંત્ર વહેલી તકે જાગીને આ સુધારા નહીં કરે, તો આગામી દિવસોમાં કોઈ મોટો જાનહાનિનો અકસ્માત સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

ભારવહન પિલરોમાં ઊંડી તિરાડો, પ્લાસ્ટર ખખડતાં લોખંડના સળિયા ખુલ્લા

વારસિયાના શિવધરા ફ્લેટના ૨૦૦થી વધુ પરિવારો મોતના સાયામાં જીવવા મજબૂર

ઇમારત ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી વોર્ડ નંબર-6ની શિવધરા ફ્લેટ સોસાયટીમાં રહેતા 200થી વધુ પરિવારો છેલ્લા ઘણા સમયથી ભયના માહોલમાં જીવન પસાર કરી રહ્યા છે. આશરે ત્રણ દાયકાથી વસવાટ કરતા પરિવારોનું કહેવું છે કે હવે તેમના માટે પોતાનું ઘર સુરક્ષાનું સ્થાન નહીં, પરંતુ મોતનો સાયો બની ગયું છે. ઈમારતની જર્જરિત હાલતને કારણે કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાય તેવી દહેશત વચ્ચે લોકો રોજિંદું જીવન જીવવા મજબૂર બન્યા છે.

રહીશોના જણાવ્યા મુજબ ઈમારતના ભારવહન કરતા મુખ્ય પિલરોમાં મોટી અને ઊંડી તિરાડો પડી ગઈ છે. અનેક જગ્યાએ પ્લાસ્ટર ખરી પડતાં અંદરના લોખંડના સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે. વરસાદી માહોલમાં સ્થિતિ વધુ જોખમી બની હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. બાળકો, મહિલાઓ અને વૃદ્ધો સહિતના પરિવારો સતત ડરના વાતાવરણમાં રહે છે અને કોઈપણ સમયે ઈમારત ધરાશાયી થવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે મહાનગરપાલિકા અને સંબંધિત તંત્ર દ્વારા ઈમારતને લઈ નોટિસો તો આપવામાં આવી છે, પરંતુ જોખમ દૂર કરવા માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. માત્ર નોટિસ લગાવીને જવાબદારી પૂર્ણ કરી દેવામાં આવી હોવાનો રહીશોએ આક્ષેપ કર્યો છે. જો ભવિષ્યમાં કોઈ જાનહાનિ સર્જાય તો તેની જવાબદારી કોણ લેશે તેવો સવાલ પણ લોકો ઉઠાવી રહ્યા છે.

રહીશોએ માંગ કરી છે કે ઈમારતનું તાત્કાલિક ટેકનિકલ સર્વેક્ષણ કરીને જોખમનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે અને રીડેવલપમેન્ટ અથવા અન્ય કાયમી ઉકેલ અમલમાં મુકાય. ત્યાં સુધી તમામ પરિવારોને સુરક્ષિત વૈકલ્પિક રહેઠાણ, ભાડા સહાય અથવા વિશેષ આર્થિક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે. સ્થાનિકોનું કહેવું છે કે સમયસર નિર્ણય લેવામાં નહીં આવે તો મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી. જાનમાલની સુરક્ષા માટે વડોદરા મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને અસરકારક કાર્યવાહી કરે તેવી રહીશોએ ઉગ્ર માંગ કરી છે.

સરદાર નગર સ્કૂલ પાછળ બનેલી ઘટના

નિઝામપુરામાં મોટી દુર્ઘટના ટળી, ગેલેરીમાંથી પટકાયેલા ૬૫ વર્ષીય વૃદ્ધનો આબાદ બચાવ

ફાયર બ્રિગેડ અને ૧૦૮ની સતર્કતાથી વૃદ્ધનો જીવ બચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલા સરદારનગર સ્કૂલ પાછળ આજે મોટી દુર્ઘટના સદનસીબે ટળી હતી. અહીં રહેતા 65 વર્ષીય વૃદ્ધ હરિસિંગ મધુકા પોતાના ઘરની ગેલેરીમાં ઉભા હતા તે દરમિયાન અચાનક પગ લપસી જતા તેઓ નીચેથી પસાર થતી ભૂખી કાસમાં પટકાયા હતા. ઊંચાઈ પરથી નીચે પડતા જોઈ આસપાસના રહેવાસીઓમાં દોડધામ મચી ગઈ હતી. કાસમાં પડવાના કારણે વૃદ્ધને સીધો ફટકો ન લાગતા તેમનો જીવ બચી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક વડી વાડી ફાયર સ્ટેશનના ઈન્ચાર્જ ધર્મેશ જાદવ અને તેમની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. તે જ સમયે ફતેગંજ પોલીસ અને 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ખૂબ જ સાવધાની અને વ્યાવસાયિક રીતે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. કાસમાં ફસાયેલા વૃદ્ધને ટીમે દોરડા અને અન્ય સાધનોની મદદથી સલામત રીતે બહાર કાઢ્યા હતા. રેસ્ક્યુ બાદ વૃદ્ધને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે તુરંત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ફાયર કર્મચારી ધર્મેશ જાદવે જણાવ્યું હતું કે વડી વાડી ફાયર સ્ટેશનમાં કોલ મળ્યો હતો કે એક વ્યક્તિ પહેલા માળેથી કાસમાં પડી ગયા છે. કોલ મળતાની સાથે જ અમે ઘટના સ્થળ પર આવી પહોંચ્યા હતા. વૃદ્ધ ખરેખર કાસમાં પડેલા હતા. અમે તેમને રેસ્ક્યુ કરીને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યા હતા. તેમને નાની મોટી ઈજાઓ પહોંચી છે.

પાદરા-જંબુસર રોડ પર ટ્રકે બાઈક સવાર દંપતીને અડફેટે લેતા ઈજા

વડુ પોલીસ સ્ટેશનની હદમાં બનતી ઘટના, બંને ઇજાગ્રસ્તોની હાલત નાજુક

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૬

પાદરા-જંબુસર રોડ પર આવેલા વડું ગામ નજીક સાંજના સુમારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે દોડતા એક ટ્રક ચાલકે આગળ જઈ રહેલા બાઈક સવાર દંપતીને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર પતિ-પત્ની બંને ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાદરા-જંબુસર હાઈવે પરથી એક દંપતી પોતાની મોટરસાઈકલ પર સવાર થઈને પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન વડું ગામની સીમમાં આવેલા HP પેટ્રોલ પંપ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે બાઈકને જોરદાર અડફેટે લીધી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક પર સવાર બંને જમીન પર ફંગોળાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતની જાણ થતા જ વડુ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટ્રાફિક હળવો કરી વાહન વ્યવહાર શરૂ કરાવ્યો હતો અને અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. હાલ તો હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દંપતીની સ્થિતિ ચિંતાજનક હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે પરિવારમાં શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

૨૭ જુલાઈએ યલો એલર્ટ, ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી

વડોદરામાં ફરી મેઘમહેરની તૈયારી; સપ્તાહના અંતે અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ

પવન અને વીજળી સાથે અતિભારે વરસાદ પડવાની સંભાવના

શિનોરમાં સિઝનનો સૌથી વધુ 470 મીમી વરસાદ; જિલ્લાનો સરેરાશ વરસાદ 331.38 મીમી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા જિલ્લામાં આગામી એક સપ્તાહ દરમિયાન વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ સપ્તાહના અંતમાં વરસાદનું જોર ફરી વધી શકે છે. છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં 9 મીમી વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 24.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 89 ટકા અને સાંજે 80 ટકા રહ્યું હતું.

જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ રવિવારે સવારે 6થી સાંજે 6 વાગ્યા સુધી જિલ્લાના કોઈપણ તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો. જોકે, ચાલુ ચોમાસાની સિઝનમાં જિલ્લામાં કુલ સરેરાશ 331.38 મીમી વરસાદ નોંધાયો છે. તાલુકાવાર વરસાદમાં શિનોર 470 મીમી સાથે પ્રથમ સ્થાને છે. ત્યારબાદ પાદરા 405 મીમી, વડોદરા શહેર 403 મીમી, ડભોઈ 374 મીમી, કરજણ 306 મીમી, ડેસર 291 મીમી, વાઘોડિયા 221 મીમી અને સાવલીમાં 181 મીમી વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે 27 જુલાઈએ ગાજવીજ અને વરસાદની શક્યતા સાથે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ દિવસે તાપમાન 26થી 32 ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. 28 અને 29 જુલાઈએ સામાન્ય વરસાદ, વાદળછાયું વાતાવરણ તેમજ 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા સાથે ગ્રીન એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 30 જુલાઈએ હળવા વરસાદની આગાહી છે, જ્યારે 31 જુલાઈ અને 1 ઓગસ્ટે ફરી હવામાનમાં પલટો આવી અતિભારે વરસાદની સંભાવના વચ્ચે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તંત્રએ નાગરિકોને હવામાનની આગાહીને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી રાખવા અને ભારે વરસાદ દરમિયાન અનાવશ્યક મુસાફરી ટાળવા અપીલ કરી છે.

ગરનાળું બંધ થતાં સ્થાનિકો મુશ્કેલીમાં, રિક્ષા ભાડાં વધતાં લોકોમાં આક્રોશ

દિનેશમિલથી નટરાજ ટાઉનશિપ જતો માર્ગ જર્જરિત થતાં વાહનવ્યવહાર બંધ, લાંબો ફેરો ફરવાની ફરજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરના દિનેશમિલ સામે આવેલા સાંઈબાબા મંદિર પાસેથી નટરાજ ટાઉનશિપ અને પરશુરામ ભઠ્ઠા તરફ જતું ગરનાળું જર્જરિત હાલતમાં હોવાથી વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યું છે. પરિણામે સ્થાનિક રહેવાસીઓ અને રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ટૂંકા અંતરનો માર્ગ બંધ થતાં લોકોને ગંતવ્ય સુધી પહોંચવા માટે લાંબો ફેરો ફરવો પડી રહ્યો છે.

માર્ગ બંધ થતાં સ્થાનિકો ઉપરાંત નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ સ્થિતિનો લાભ લઈને કેટલાક ઓટોરિક્ષા ચાલકો મનસ્વી ભાડાં વસૂલી રહ્યા છે. જેના કારણે મધ્યમવર્ગીય અને શ્રમિક પરિવારો પર વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે. રોજિંદા અવરજવર કરતા લોકો માટે વધેલું ભાડું મુશ્કેલીનું કારણ બન્યું છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે લાંબા સમયથી ગરનાળાના સમારકામની જરૂરિયાત હોવા છતાં તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી નથી.

સજા વોરંટના ૩ આરોપીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેર પોલીસે દિવાળીપુરા કોર્ટ દ્વારા જારી કરાયેલા સજા વોરંટના ત્રણ નાસતા-ફરતા આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણેય આરોપીઓ છેલ્લા ત્રણ મહિનાથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળના કેસોમાં ફરાર હતા.

મકરપુરા પોલીસે અલગ-અલગ બે કેસના વોરંટી આરોપી ભરત રમેશચંદ્ર ગજ્જર અને નિરજસિંગ વિજયબહાદુર સિંગને બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. જ્યારે સયાજીગંજ પોલીસે ફોજદારી કેસના વોરંટી આરોપી ભાવેશ રમેશભાઈ માળીને માંડવી સ્થિત મેલડી માતાના મંદિર પાસે દર્શન કરવા આવતા ઝડપી લીધો હતો. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તેમને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ શરૂ કરી છે.

મુખ્ય માર્ગ પર ઠેરઠેર પડેલા ખાડાઓથી વાહનચાલકો પર અકસ્માતનો ખતરો

પ્રી-મોન્સૂન દાવાઓ ધોવાઈ ગયા : પંડ્યા બ્રિજથી અટલ બ્રિજ સુધી ખાડાઓનું સામ્રાજ્ય

વોર્ડ-8ની ટીમે તાકીદે સમારકામ શરૂ કર્યું, પરંતુ પ્રી-મોન્સૂન કામગીરીની ગુણવત્તા સામે ફરી ઉઠ્યા સવાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં ચોમાસાના પ્રારંભિક વરસાદે મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. ચોમાસા પહેલાં રસ્તાઓ અને બ્રિજનું સમારકામ પૂર્ણ કર્યાનો દાવો કરનાર પાલિકા તંત્રના દાવા પહેલા જ વરસાદમાં પોકળ સાબિત થયા છે. શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર મોટા ખાડા પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને શહેરના વ્યસ્ત પંડ્યા બ્રિજથી અટલ બ્રિજ સુધીના માર્ગ પર અનેક સ્થળે મોટા ખાડા પડ્યા છે. સતત વાહનવ્યવહાર ધરાવતા આ માર્ગ પર ખાડાઓને કારણે વાહનચાલકો માટે જોખમ ઊભું થયું છે. વરસાદી પાણી ભરાઈ જતાં ખાડાઓ દેખાતા ન હોવાથી ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો અકસ્માતનો ભોગ બનવાની ભીતિ વ્યક્ત કરી રહ્યા છે.

રસ્તાઓની બિસ્માર સ્થિતિ સામે લોકોમાં અસંતોષ વધતાં વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. વોર્ડ નંબર-8ની ટીમે પંડ્યા બ્રિજ વિસ્તારમાં પહોંચી તાત્કાલિક ખાડા પૂરવાની કામગીરી શરૂ કરી છે. વાહનવ્યવહાર સુરક્ષિત રહે અને અકસ્માતો અટકે તે માટે યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરાયું છે.

દર વર્ષે કરોડોના ખર્ચે થતી પ્રી-મોન્સૂન કામગીરી છતાં પ્રથમ વરસાદમાં જ રસ્તાઓની આવી સ્થિતિ સર્જાતાં નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ જવાબદાર અધિકારીઓ સામે જવાબદારી નક્કી કરવા તેમજ ગુણવત્તાયુક્ત સમારકામ કરીને ચોમાસા દરમિયાન નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.

સલાટવાડા તુલસીબાઈની ચાલીમાં જુગાર રમતા ૬ ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

વડોદરા શહેરમાં પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવાની કામગીરીના ભાગરૂપે સલાટવાડા તુલસીબાઈની ચાલી રબારીવાસ ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા.

મળેલી માહિતીના આધારે સલાટવાડા બારોટ મહોલ્લાના એક મકાનમાં બહારથી માણસો બોલાવીને પત્તા-પાનાના વડે રૂપિયા વડે હારજીતનો જુગાર રમાતો હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પર તપાસ કરતા મકાનમાં સંચાલક સહિત કુલ 6 ઈસમો પત્તા-પાના વડે જુગાર રમતા પકડી પાડવામાં આવ્યા હતા. ઝડતી દરમિયાન સ્થળ પરથી કુલ રોકડા રૂ. 10,120, 4 મોબાઈલ ફોન, 52 પત્તા-પાનાનો ડબ્બો અને મકાનનું લાઈટબિલ સહિત કુલ રૂ. 30,120 નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પકડાયેલા તમામ 6 આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આગળની વધુ તપાસ માટે સમગ્ર કેસ કારેલીબાગ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓમાં રિતેશ હસમુખભાઈ બારોટ, ઉ.વ.42, સલાટવાડા બારોટ મહોલ્લો , સંજયભાઈ જેન્તીભાઈ બારોટ, ઉ.વ.39, સલાટવાડા બારોટ મહોલ્લો , સંજય દિલીપભાઈ બારોટ, ઉ.વ.39, સલાટવાડા તુલસીબાઈની ચાલી, ગીરીશભાઈ ભીખાભાઈ બારોટ, ઉ.વ.50, સલાટવાડા બારોટ મહોલ્લો, ધમેન્દ્રભાઈ શંકરભાઈ બારોટ, ઉ.વ.53, સલાટવાડા તુલસીબાઈની ચાલી, નાસીરમહંમદ મયુરમહંમદ શેખ, ઉ.વ.58, સોહદ એપાર્ટમેન્ટ, નાગરવાડાનો સમાવેશ થાય છે.